©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] TUESDAY, 17th MARCH, 2026/PHALGUNA 26, 1947 [No. 2011

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસુચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯

[જુઓ નિયમ ૨૬ (૯)]

નગર રચના યોજના નં. ૦૧(બીલીમોરા-દેસરા)

આખરી યોજના

નં.નરયો/૦૧ (બીલીમોરા-દેસરા)/આખરી યોજના/૯૦૬.—ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ની કલમ-૫૨ ની પેટા કલમ-૩ અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ ના નિયમ ૨૬(૯) માં જોગવાઈ કર્યા મુજબ નગર રચના અધિકારી તરીકેના નગર રચના યોજના નં. ૦૧ (બીલીમોરા-દેસરા)ની આખરી યોજના અંગેના મારા નિર્ણયો તા. ૧૩-૦૩-૨૦૨૬ના શુક્રવારના રોજ જાહેર કરેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૫૪ તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ ના નિયમ ૨૬(૯)ની જોગવાઇ અનુસાર નગર રચના અધિકારી તરીકે જે તે પ્લોટ માટે લીધેલા મારા નિર્ણયોના ઉતારા, નમૂના-"ડ" મુજબ નગર રચના યોજના નં. ૦૧ (બીલીમોરા-દેસરા)માં આવતી દરેક મિલ્કતના માલિકોને પહોચાડવાની તજવીજ કરવામાં આવી રહેલ છે.

ઉપરોક્ત નિર્ણયોથી અસંતોષ થતો હોઈ તેવી હિત સંબંધ ધરાવતી વ્યક્તિઓ/માલિકોને મારા નિર્ણય મળ્યેથી એક (૧) માસની અંદર જે નિર્ણયો અપીલને પાત્ર છે તે અપીલ બોર્ડના નિર્ણયો માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૫૫ અનુસાર રાજ્ય સરકારશ્રી દ્વારા નિયુક્ત થયેલ પ્રમુખશ્રી, બોર્ડ ઓફ અપીલ, બોર્ડ ઓફ અપીલની કચેરી, ગાંધીનગર, C/O મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી, સેન્ટ ઝેવિયર્સ સ્કુલની સામે,સેક્ટર-૧૦એ, રોડ નં.૩, ગાંધીનગર જરૂરી કોર્ટ ફી નો સ્ટેમ્પ અપીલના મેમોરેન્ડમની મુળ નકલ ઉપર લગાવી ત્રણ નકલમાં લેખિત અપીલ અરજી કરી શકશે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૫૩માં જણાવ્યા મુજબ નગર રચના અધિકારીના કેટલાક નિર્ણયો છેવટના છે. જ્યારે કલમ-૫૪માં જણાવ્યા મુજબ નગર રચના અધિકારીના કેટલાક નિર્ણયો અધિનિયમની કલમ-૫૫ હેઠળ રચાતા અપીલ બોર્ડ સમક્ષ અપીલને પાત્ર છે.

તૈયાર કરવામાં આવેલ ઉપરોક્ત આખરી યોજનાની સંપુર્ણ માહિતી, નકશાઓ તેમજ નિર્ણયોની એક નકલ નગર રચના અધિકારીની કચેરીમાં રજાના દિવસો સિવાય નીચેના સરનામે કચેરી સમય દરમ્યાન નિરીક્ષણ માટે ખુલ્લા રાખવામાં આવેલ છે અને તે સમજાવવાની જરૂરી વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે.

તા. ૧૩-૦૩-૨૦૨૬
સ્થળ : વલસાડ

આર. એ. મોદી
નગર રચના અધિકારી અને
નગર નિયોજક
વલસાડ શાખા કચેરી
વલસાડ

કચેરીનું સરનામું :
નગર આયોજન અને મુલ્યાંકન ખાતું.
નગર રચના અધિકારી અને નગર નિયોજકની કચેરી,
વલસાડ-શાખા કચેરી.
જિલ્લા સેવા સદન-૨, 'અ' બ્લોક, ચોથા માળે, જલારામ મંદિર રોડ,
વલસાડ - ૩૯૬૦૦૧

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.03.17 17:39:32 IST